શ્રી.

રણજીતસીંહ અને કળાવંતીનાં

નાટકનાં ગાયનો.

રચનાર.

શાહ વીરપાળ વિ. હંસરાજ.

રચનાર પાસેથી હક લઈ પ્રસિદ્ધ કર્તા.

સંઘવી વાડીલાલ વિ. શોભચંદ બુકસેલર

५०२३

अर्पण पत्रिका.

નેકનામદાર મહારાજા કુમારશ્રી અજીતસિંહજી સાહેબ બહાદુર.

મુ૦ ધ્રાંગધ્રા.

ગીતી.

સુખ કરતા દુઃખ હરતા, નામી આચળા અચળ જશો જામ્યા;
દાની માન સન્માને, દેશ વિદેશે શેશ માન પામ્યા.
સુધા સીંધુ દીન બંધુ, શેવક પાલક સ્વામ બિરદ સારૂ;
અજિતસિંહ કરૂણાલા, મહાન દયાળુ આપ દીલે ધાર્યું.

રાગ બાનજારા.

શ્રી અજીતસિંહ કરૂણાલા. છો દીનજન પાલ દયાલા.
ગુણ ખાણ સુજાણ અતિશે, જશ જામી રહ્યા જગ વિષે;
જન સુખકર દુઃખ હરનારા. શ્રી અજીત૦
જન દુર્બળના દુઃખ કાપી, સુખ દીધો આશ્રય આપી;
એવાં સત્યપાલ નરપાલા. શ્રી અજીત૦
છો સ્વામિ નામી સુખ કરતા, પ્રિતી શેવકજન પર ધરતા;
હરતા સંકટ સહુ વાલા. શ્રી અજીત૦
જશ જગત રહ્યા શુભ જામી, નિતીથી અતિશય નામી;
[illegible] ગામી મહાન ગુણાલા. શ્રી અજીત૦

બીહાગની લાવણી.

કાં શ્રી અજીતસિંહ કરૂણાલ કૃપા કર સ્વામી,

દિન જનના પાલ દયાળ આપ બહુનામી;
છો શેવકના દુઃખ હરણ સદા સુખકારી,
રહી કીર્તિ પ્રસરી જગત સ્યાગ શુભ તારી.
નીતી રાગ સમાન અતિ તમે વીસ્તારી,
પ્રજા હીત કારે ગતિ શુભાશુભ ધારી;
તુમ નામ શુણીને આવે લોક અપારી,
રહી કીર્તિ પ્રસરી જગત સ્યાગ શુભ તારી.
છો દયાવાન ભુપાલ તેજમાં ભાનું,
અરી દળ દળવાને શક્તી સિંહ સમ માનું;
વળી દુશ્મનના તમે કાળ હેતુ હીતકારી,
રહી કીર્તિ પ્રસરી જગત સ્યાગ શુભ તારી.

સોરઠ.

શ્રી અજીતસિંહ અચળ રહો અવની પરેરે. ટેક.
ગુણ મંદાર સુંદીર સુખદાતા, શેવક જન પાલક છો ત્રાતા;
સાતા ગુણનિધાન સ્યાગ સુખદા ખરે રે, શ્રી૦
દયા દીલમાં દીશે વાલા, અતિશય આનંદિત કરૂણાલા;
શેવક સુખ દાતા. દુઃખ જનના હરે રે. શ્રી૦

(રાગ. એક નારી જગતમાં)

નૃપ નિતી રીતી બલીહારી (૨) ટેક.
અજીતસિંહજી અમર રહો જગ, કીર્તિ કુની શુભકારી.
અચળ નામ અવની પર પ્યારા, નિજ જનના હિતકા
કલ્પવૃક્ષ કાગળ મન સ્વામી, ગુણ શું કહું વીસ્તારી.
દેશ વિદેશ શેશ જશ પામ્યા, વારી વારી બલીહારી.

(રાગ પ્રભુ મારારે)

છબી સુંદરરે ગુણ મંદીર સુખકારી, પ્યારી તારી સુરતપર વારી.
નૃપ અવનીશ અજીત દયાળા, છો દીનજન પાલક વાલારે;
કૃતી ક્રોડ તમારી કૃપાળારે, નીતી રીતીરે નાથ સદા સુખકારી. પ્યા.
જન મનનાં દુઃખડાં હરતારે, શ્રેય કાર્ય શેવકના કરતા રે;
પ્રીતી દાશ પરે અતી ધરતારે, ગુણસિંધુ કીર્તી તમારી સારી.
પ્યારી તારી૦

સામ કલ્યાણ.

સૃષ્ટીના પતી, એક મારી વીનતી;
અજીતસિંહ અચળ સ્થાપ કહુ તમ પ્રતી.
ગુણ ખાણુ સુજાણ અતિશે, શાખાના સરદાર;
દીન જન પાળ મહા દયાળું, રંક તણા પ્રતિપાળ. સૃષ્ટી.
મહા દાની કે માનવંત તે, મહીપાલ શિરતાજ;
સુખદાયક સર્વે સંપત, મહારાજ આધરાજ. સૃષ્ટી.
કાંન્તી ભાણુ સમાન છે તેની, રૂપે કામ સમાન;
શૂરવીર છે સિંહ સમાન નૃપ, ઇંદ્ર સમુછે માન. સૃષ્ટી.
આશ્રયદાતા સૌની સમા છે, આનંદે ગણુ દાશ;
કુળદીપક ઝાલા કુળ માંહી, ગુણવંતાજ મહીશ. સૃષ્ટી.
તેનાં વીસન વીદારી સર્વે અગર કરો અમરેશ
માગુ કરજોડી એ મનથી વીરપાળ હમેશ. સૃષ્ટી.

લી. શેવક
વીરપાળ વિ. હંશરાજશાહ
તથા
વાડીલાલ વિ. સોમચંદ.

ધાંગધ્રાં
કાઠીઆવાડ

श्री गणेशाय नमः

रणजीतसींह अने कळावंती

नाटकना गायनो.

સુત્રધાર— સ્તુતિ.

૧ (કલ્યાણ. રાહ)

આધ માયા ઐાચરા તું દે સુબુદ્ધી હે ગયાળી
ગ્રંથ આ નવિન ગાય, આંબી કે કરે સહાય
જેથી ખેલ પુરૂં થાય. વંદન ઉપકારી. આધ.
તુજ કૃપાથી વિઘ્ન નિઘ્ન, કરૂં ખેલ હું પ્રસિદ્ધ
શુભ કાર્ય કરજ સાધ, આર્જ આ સ્વીકારી આધ.
હું છું રંક જાત માત, તું છે માત તાત ભ્રાત
દીન જાણી શુણ વાત, આંબીકે કૃપાળી. આધ
પૂત્ર તારો દીન જાણી, નીરપાળ ને પ્રમાણી
આપજે તું શુધ્ધ વાણી, ચંડી કે દયાળી. આધ

ગીતિ.

કુંતલપૂરની મધે, વસે અભયસીંહ રાજા સુખકારી.
તસ્ય સુત રણજીત, કળાવતીનો ખેલ જુઓ ભારી.

રણજીતસીંહ— સિખરિણી.

મૃગાનેણી તારૂં, વદન નિરખીને સ્થીર થયો;
સુધા જેવા શામ, અધર તણો વિચારજ ભલો.

કટી નીર્ખી તારી, સિંહજ લજવાઇ વનવસ્યો;
ગુલાબી ગાલે તો, ચકિત થઇ ઉર્વીપર ખસ્યો.

રણજીતસીંહ— સોરઠી ગજલ.

અજબ રૂપ છે આ ત્રીયાતણું, મન મોહ્યું માંઈ તેનાપરે.
નહીં દીઠી આવી કો ભામની, મુખ ઝલકે જેવી દામની;
જો વરે મુને આ કામની, તો કાર્ય મારૂં સરે ખરે. અજબ.
સ્તનો નારંગીથી ન્યારા છે, ગાલ ગુલાબી મુને પ્યારા છે;
અધરોષ્ટ તો પરવાળા છે, કળી દંત દાડમની ખરે. અજબ.
કટી સીંહસમ કમાન છે, કેશ શેષના સમાન છે;
નાસીકા કીરના સમાન છે, મુખે બોલતાં પુષ્પો ઝરે. અજબ.
વદન શશીથી છે ઓપતું, લલાટ ટીલીથી શોભતું;
રમવા રંગી ચીત્ત લોભતું, ક્યારે હૃદય મારૂં ઠરે. અજબ.

ગુણસુંદરી— કેરબો.

એ શું વદો રાજાજી તમે વાત ખોટી રે;
વાત ખોટી રે (૨) તમે. એ શું
શીયળ મારૂં ભંગજ કરવા કરો ન વીચાર;
પ્રજા બેટા બેટી માફક ગણો આપ નીરધાર. એ શું
અલગા મુજથી રેહો રાયજી વીચારીને વાત;
સાહસ કરવાથી પસ્તાવો થશે ભુપ અગાધ. એ શું
જીભ કરડીને જીવ આપશું થઇ નીર ઉપાય;
સ્ત્રીહત્યાનું પાપ બેસસે શીરે તમારા રાય. એ શું
વણિકજાત હું રંક કહાવું તમો ક્ષત્રીના તન;
સુર્યોદય કદી પશ્ચિમ થાયે બને નહીં સગન. એ શું

લાવણી.

રાણુજીતસિંહ—

સુણ તું સુન્દરી હે શાણી (૨)
પ્રીત રીત હું દાખી તુજથી કરીશ પટરાણી. શુણ.
મારે તું કરને તૈયારી (૨)
સ્નેહાબાદે કહું છું તુજને આજ સંગ મારી. શુણ.
લગની લાગી મુને તુજથી (૨)
કદી ન છોડું આજે તુજને સત્ય કહું મુખથી. શુણ.
જીકર તું છોડ હવે નારી (૨)
માન્ય કહ્યું તું મારૂં નહીં તો થશેજ ખુવારી. શુણ.
સત્ય હું બોલું છું વાણી (૨)
પ્રીત રીત હું દાખી તુજથી કરીશ પટરાણી. શુણ
કાપ્યું તેં કાળજું મારૂં (૨)
જ્યારે ચુંબન એક દે મુજને સફળ જન્મ ધારૂં. શુણ.

રાગ.

ગુણસુંદરી—

એવી નફ્ટ વાત એ શું ઉચ્ચારી, બોલતાં બોલ વીચારી. એ શું.
ક્ષત્રીના સાથે લગ્ન બને નહીં, હું છું વણિક કુમારી. એ શું.
હૈય લાજ્ય લે વાને આજે, આવ્યો છું દીલ વીચારી. એ શું.
યાદ રાખજે તારાં તું વેણ, કરૂં તારી હું ખુવારી. એ શું.
શયણને વાત જણાવી, અભિમાન નાંખું ઉતારી.

વેરાડી.

ગુણસુંદરી—

શ્વાસ પીતા તમે સાંભળો, કહું છું તમને હું આજ; પ્યારા.
કુમાર રાણાજી તણે, લીધી મ્હારી લાજ.
નીર ભરવાને હું ગઇ, સૈયર સહુની સાથ;

હાલ બેહાલ મુને કરી, ઝાલી મારો હાથ. પ્યારા.
તીર મગરને મારીયું, ચાલી નીરની ધાર;
ચીર મારા ભીંજાઈ ગયાં, કર્યો કેર અપાર. પ્યારા.
નાઠી નાઠી ત્યાં હું તો ગઇ, નાઠી શેહેરના લોક;
શું કહું ઝાઝુ હું તમ પ્રત્યે, નથી કહેવું યોગ્ય. પ્યારા.
ધીક રે'વું આ શેહેરમાં, યોગ્ય નથી લગાર;
જુલમ ગુજારે કુમારજી, કરે પ્રજા પોકાર. પ્યારા.

ચોપદાર— ગજલ.

મહારાજ અર્જ મારી તે ધ્યાનમાં ધરો;
રાજકાજ કારણે તમે તો સાંભળો.
શેહેરના જે શેઠીઆ તે ગામ પરહરે;
ઉચાળા લહી પોતાના બહાર નીકળે.
શો હુકમ રાયજી ફરમાવશો ખરે;
આજ્ઞા મુજબ સેવક તમ કાર્ય તો કરે.

અભયસિંહ— સહર.

જા બોલાવ તેહ તું લાવ મારી પાસ;
ઢીલ નહીં કરે લગીર આજ્ઞા આપું ખાસ.
શું અન્યાય મારો થયો પ્રજા પરે;
શાને કારણે શે'ર મારૂં તેતો પરહરે.

અભયસિંહ— (ક્ષત્રી કલંક)

સુણો પ્યારા મારા પ્રધાન, કલંક કુળમાં લગાડયું રે.
સુણી વાત થયું અપમાન; કલંક.
હુકમ ગુજાર્યો પૂત હાય, કલંક.

મુને લાગીછે દીલમાં લાય; કલંક.
જ્યારે વાડ વેલાને ખાય, કલંક.
ત્યારે કહો નાશીને કયાં જાય; કલંક.
કર્યું રૈયતનું અપમાન, કલંક.
મારે સર્વે છે એક સમાન; કલંક.
નહીં નહીં માહરો એ તન. કલંક.
નથી ઘતી આ વાત સહન; કલંક.
તેને બાંધી લાવો મુજ પાસ, કલંક.
આપુ વર્ષ બાર વનવાસ. કલંક.

રણુજીતસિંહ— **ભૈરવ.**

શીરે આજ્ઞાછે પિતુ તમારી, કેમ બોલાવ્યો બાળ આવારી. શીરે.
શંકા મુજને ભાસે અતિશે, તેથી ધ્રુજે શરીર મુજ ભારી. શીરે.
ગુન્હો આજે મેં તો કર્યો છે, ફરમાવો હુકમ ધીર ધારી. શીરે.
માનશુકન થયાંતા ભારે, તેનું ફળ મળ્યું દુ:ખકારી. શીરે.
કુબુદ્ધીથી આચર્યું કામ, નહીં જ્ઞાન મુજમાં લગારી. શીરે.

અભયસીંહ— **કલ્યાણ.**

દુષ્ટ પુત્ર માહરા અતી જુલમ તેં કર્યો;
લજ્યા લેવા લોકની તું ક્યાંથી આવો ઉછર્યો. દુરષ્ટ.
નીચ કરમ કરવા વીચાર આવો શું ધર્યો;
કાળો ડાઘ કુળને તું લગાડવાને ઉછર્યો. દુરષ્ટ.
મુખ જોવા યોગ્ય નહીં નહીં તું પુત્ર માહરો;
બા'ર નીકળ જલદી શેહેર કાળ આવ્યો તાહરો. દુરષ્ટ.
બાળની પ્રજાને દુઃખ એ છે ધર્મ તાહરો;

તેમ છતાં જુલ્મ કર્યો ગુન્હેગાર તું ઠર્યો. ઢુસ્ટુ.

રણજીતસિંહ— ૨૨.

હે માત કીપાળુ હર્ષ ધરીને કહું આપને.
જવું છે આજે વિદેશ મારે, ભ્રાંતિ નહીં લગાર;
રજા આપોને મેહેર કરીને, બાવી મુજ પ્યાર રે. હે માત
પીતા મારા ક્રોધે થઈને, કહ્યું નીકળ તું બા'ર;
તે આજ્ઞા મુજ શીર ચઢાવી, જાવું છે નીરધાર રે. હે માત.
ક્ષત્રીનો શું ધર્મ વીચારો, માતુ દીલમાં આપ;
પય પીધું છે માત તમારૂં, કેમ ડરૂ વનમાંથ રે. હે માત.
ક્ષત્રી જન્મ્યો હોય ખરો જો, હારે ન મનની હામ;
અન્નોદક આ નગ્રનું મારે, લેવું છે હરામ રે. હે માત.

જયવંતી— બારમાશી

હે રણજીત જાવા ન દેશું,
રહો ઘરે તવ તાતને કહેશું રે—હે રણુ.
પુત્ર તું શાને હઠ કરે છે,
રહે સુખે તું મેહેલ મંહી રે;
ખાઓ પીઓને મોજ ઉડાવો,
માત દુઃખણી કરશો નહીં રે—હે રણુ.
તુજ વીયોગે ઝુરી મરૂં છું,
પુત્ર નથી બીજો મારે રે;
કેમ કરી હું દીન મારા કાઢું,
મારે દયા લાવી નહીં સંચરે રે—હે રણુ.

જળ વીના જેમ મચ્છી મરે છે,
તેમ માત જે હું એ મરૂં રે;
વળી કિશોર વય છે રે તારી,
કિરીટ શીરના સત્ય ઉચરૂં રે—હે રણુ.

રણુજીતસિંહ— ગજલ.

પુજ્ય માતુ માહરી તું શોચ પર હરે,
શાને માટે આવો તું વિલાપ આદરે; પુજ્ય.
દીલગીરી છોડીને રજા દીયો મુને,
હસ્ત દ્રય જોડીને પ્રણમું છું તુને. પુજ્ય.
વિલંબ થાય છે હવે જવા વિદેશરે,
સાહ્ય કરશે માહરી ઈશ હમેશરે. પુજ્ય.
આશીશ સાથ રજા મુને માતુ દીજીયે,
શુભ કાર્ય માટે પુત્ર જાઓ કીજીએ. પુજ્ય.

જેઠબા— રાગ.

હે પ્રીય બંધુ ક્યાં જાઓ છો આજે,
ભાઈ બેનની ઇશ્વર જોડી;
ચાહે છે કેમ નાખવા ત્રોડી,
જાવું ઘટે નહીં મુજને છોડી;
જોડી ત્રોડી છોડી જાઓ છો આજે.
ઇશ્વરે ઇચ્છા એથી સુખી,
વીયોગ બંધુ તારાથી દુઃખી;
જાઓ નહીં તમે મુજને મુકી,
સુખી દુઃખી મુકી. જાઓછો આજે.

મુકી જાતાં વીચારજ કરીએ
શુભ વીચાર દીલેજ ધરીએ
જાશો તો અમે ખાઝા મરીએ.
કરીએ. ધરીએ. મરીએ. જાઓછો આજે

રણજીતસિંહ— રાગ.

પ્રીય બેની કહું છું તુજને આજ (૨)
પીતાજીએ કહ્યું છે મુજને, રહે નહીં તું આરાજ. પ્રીય બેની.
તે હુકમ મુજ શીર ચડાવી, જાવું જરૂર મારે આજ. પ્રીય બેની.
રક્ષા કરશે ઇશ્વર મારી, જે છે ગરીબ નીવાજ. પ્રીય બેની.
બારે વર્ષે યશ મેળવશે, મારે કરૂં શુભ કાજ. પ્રીય બેની.
દીલગીરી છોડી મ્હેલમાં જાને, શાને થાય છે નારાજ. પ્રીય બેની.
આરે નગરમાં જો હું રહું તો, ખોઉં હું ક્ષત્રી લાજ. પ્રીય બેની.

રણજીતસિંહ— સોરઠી ગજલ.

મારે જાવું આજ વિદેશમાં, કહું સત્ય પ્રીયા તુને અરે;
કર્યું કામ મે તો અસત્યથી, જાવું પડે છે મારા કૃત્યથી;
નડ્યા કર્મ મુજ અગત્યથી, તેનો નહીં સોચ દીલે ધરે. મારે.
જેવા લખ્યા વિધીએ લેખરે, તે ન થાય મીન કે મેખરે;
તે ટલ્યા ટળે ન એકરે, એવી વાત સાસ્ત્રમાં વીસ્તરે. મારે.
લુબ્ધ થઇ કૃત્ય મેં આચર્યું, અણઘટતું પગલું ભર્યું;
હાય હાય મેંતો ભુંડું કર્યું, કર્યો કેર પુત્ર પ્રજાપરે. મારે.
પુત્ર સમ પ્રજાને પાળવી, તેની વીપત્તીને વીદારવી;
એવ રીતે વચને ગાળવી, તે બદલ જુલમ કર્યો અરે. મારે.

હવે રજા આપ તું મુજને, પ્યારી પ્રીયા કહું છું તુજને;
યત્ન કરજો કુંવરનું તમે, તજી જાઉં છું તુજને અરે. મારે.

ભાનુમતિ— મહીના.

એશું બોલોછોરે વચન, મુખથી આજેરે;
કરી જાઓને મુને પતન, દીલ નહીં દાઝેરે. એ શું.
કથન ન આવું કંથ, વદો નહીં પ્યારારે;
તમે ચાલશો નહીં પંથ, કરી નોધારારે. એ શું.
વિદેશ જવાની વાત, દીલને લાવોરે;
દયા લાવોને સ્વામી નાથ, છો મુજ દાવોરે. એ શું.
તમ વીયોગ ન સહેવાય, પ્રીતમ પ્યારા રે;
મુકી અમને નવ જવાય, વિનવે આ દારા રે. એ શું.
છે પુત્ર તમારો બાળ, કહું શીર નામી રે;
તેની કોણ લેશે સંભાળ, જાઓ નહીં સ્વામી રે. એ શું.
વાઘ વરૂ અને હરણાંય, વસે છે વનમાં રે;
તે તો મનુષ્ય ફાડી ખાય, રહોને ભુવનમાં રે. એ શું.
શીર છત્ર છોડીને નાથ, ક્યાં સંચરો છો રે;
આપ તણો મારે છે આધાર, દુર કરોછો રે. એ શું.

ભાનુમતિ— મહીના.

શાને જાઓ તમે ભરથાર, કહોને વિદેશમાં;
શુંની વાત થઇ હું પ્રવીણ, જાઓછો કલેશમાં. શાને.
દયા લાવીને મુજ પર કંથ, રહોને આવાસરે;
નવ જાવું ઘટે પ્રાણેશ, અબળા કોણ આસરે. શાને.
વળી છોટી વયનો છે પુત્ર, જુઓને વીચારીને;

તમ વીયોગે બળશે આ કાય, જાણો ન વીસારીને: શાને.
આ યોવન ખીલ્યું અપાર, તે તો રે બળી જશે;
પ્રાછળથી શું થાશે નાથ, ગતી શી મારી થશે. શાને.
મારી થર થર ધ્રુજે છે કાય, ધીરજ રહેતી નથી;
કહું કેટલું તમને હું નાથ, થાકી હું કથી કથી. શાને.
મુને સાથે લીયો પ્રીતનાથ, દાસીને ન પરહરો;
મુજ શીર ઉડાવી આવાર, પછી તમે સચરો. શાને.

શુરવીરસિંહ— રાગ.

શાને રૂવો છો માતાજી આમ, શાને રૂવો છો જનુની આમ
છે પુત્ર હું જેવોરે, શુરવીર છે માહરૂં નામ. શાને.
સામે ઉભા છે મારા પીતાજી, તેપર ધરોનેરે ધ્યાન. તમે. શાને.
પુજ્ય પીતા તમે દીલગીર શાને, વાત કહોને તમામ. તમે. શાને.
પુજ્ય પીતાજી સાથે હું આવું, ક્ષત્રી હારે નહીં હામ. કદી. શાને.
અશ્વ મારો જે નામ મણીગર, તેપર ધરૂં હું સામાન. હું. શાને.
હાથે તરવાર હું તીર ગ્રહીને, ચાલું ચુંપેથી હું આમ. પ્રેમે. શાને.

રણજીતસિંહ— રાગ.

તું શ્રવણ કર પ્યારી, તું રહેને ધીર ધારી;
અરે હાં. રેહાં. આં. આં. આં. આં. રી તું શ્રવણ૦
કદી પશ્ચિમ ઉગે સૂર્ય, ફરે નદીપુર, કાયરને સુર;
ચડે કદી આવા આં. આં. આં. આં. રી. તું શ્રવણ૦
તોય રે'વું નહીં શેહેર માંય, જવું વનમાંય; ભલે પ્રાણ જાય;
હીંમત મનધા, આં. આં. આં. આં. રી. તું શ્રવણ૦
માટે રજા દીયે આવાર, ધરીને પ્યાર, વદું હું બાર;

ત્રિદેશ ગોત્રા. આં. આ. આં. આં. રી. તું અવણ૦
જાઉં અતી ધરીને હામ, અંધારી જગ, નહીં તારૂં કામ;
રક્ષા કરે ત્રીપુરા. આં. આં. આં. આં. રી. તું અવણ૦

ભાનુમતિ— કલ્યાણ.

વીનતી મારી, શુણજો જરી,
પ્રાણનાથ માનજો કહું છું ઉચરી, વીનતી;
આ અબળાને આશ તમારી, હજુ ઘણી પ્રાણેશ,
પુરણ કરવા ના નહીં કેશો, પીયુ કહું હમેશ. વીનતી૦
છોટી વયનો પુત્ર તમારો, ભણે હજુતીધાસ,
તરછોડીને પીયુ ન જાગો, દીલ ધરો દયાસ. વીનતી૦
દયા લાવીને દાશી ઉપરે લીગો સાથ આ વાર,
આપ ગયા પછી આ મુજ કાયા પાડીશ હું નીરધાર. વીનતી૦

ભાનુમતિ— સોરઠી ગોડી.

પીયુ મારા વહેલેરા વળજો રે, સ્વામી અંગનું રક્ષણ કરજો;
આ અબળાને આશ તમારી, તે તો ફળીભુત કરજો રે. સ્વામી૦
શુરવીર છો પીયુજી મારા, અરી દળને તમે દળજો રે. સ્વામી૦
હું રે રહી છું આપ આધારે, દયા દીલમાં ધરજો રે. સ્વામી૦
પુત્ર તમારાને ધીરજ આપી, પછી તમે સંચરજો રે. સ્વામી૦
ભલે પધારો આશીશ આપું કાયૅ, તમારા સુધરજો રે. સ્વામી૦

રણજી.— સોરઠ.

શુણ વાત કહું આ વાર મીત્ર દીલની ખરી રે,
છોડી જાતાં હે મમ મીત્ર, ખેદ પામું હ્રદયે વિચીત્ર.
નીર ઉપાય થઇ સહું કષ્ટ હું ઘણો ડરી રે. શુણસ.

ઘણાં દીવસનો નીકટ સંબંધ આ, તોડવો પડે છે હું મગ્ન પ્યારા.
દીલ દાટી મુને ચેન પડે નાહીં જરી રે. શુણુ૦
લલાટે લેખ મીત્ર લખ્યા જે, ટળે ન ટાળ્યા કાંઈથી જરાયે,
હવે છેલ્લા છે સલામ મેળવશે હરી રે. શુણુ૦
સાથે રહ્યા છી મીત્ર ઘણા દીન, સ્વભાવિક તકરાર કરી નીત્ય.
તે માફી માગું હું નમ્રથી, લળી લળી રે. શુણુ૦
કુ લક્ષણથી જાવું પડે છે, એમાં મુને શું પીતુ નડે છે,
વાળ્યું વણિક પુત્રીએ વેર, થઇને આરોરે. શુણુ૦

ફુલચંદ— તુને કુંમલાજીયરવા.

આવું સાથ તમારા ઓ મીત્ર મારા. (૨) આવું,
આપ વીના આ શેહર સુનું છે, લાગે ભય ભણકારા. ઓમીત્ર૦
મીત્રનો ધર્મ શું છે વીચારો, તમે મન તમારા. ઓમીત્ર૦
સુર્યોદય કદી પશ્ચિમ થાએ, નહીં જુદા થનારા. ઓમીત્ર૦
આપને હુતો ચાહુ છું જેમ, ચાહે ચંદ્ર ચકોરા. ઓમીત્ર૦
મુકી ન જાઓ હે મમ પ્યારા, તમને સમ છે મારા. ઓ મીત્ર૦

રણછતસિંહ— કનરો

આ વન આવ્યું મહા ભયકારી, રહેતી નથી મોહે ધીરજ ધારી. આ.
વાઘ વરૂને ચિત્તા ફરેછે, ડર મન તેથી ચીત્તમાં ભારી. આ.
ગર્જના સીંહની થઈ રહી છે, શબ્દ વદે છે મહા ભયકારી. આ.
મોટા મોટા પાહાડો અડયાછે, જાવાની મોહે એક [illegible]ારી. આ.
આકાશ મધ્યે મેઘ ચડયોછે, દામની રહીછે મહાચમકારી. આ.
ભય ભરેલાં વૃક્ષો ઉભા છે, જગની આજે છેજ અંધારી. આ.
શલિતા આવીછે બે પુરમાં, ઉતરવાની શકિત ન મારી. આ.

હે ઇશ મારે ક્યાં હવે જાવું, કર્મની ગતી ન્યારી રે ન્યારી. આ.
આધાર મારે એક છે તારો, બાળને લેજો તમે ઉગારી. આ.

રણુજીતસીંહ— **રાગ.**

આ વનમાં પીવા પાણી, મુને કોણ દિયે આણી. આ વનમાં.
સયન સેજ પલંગમાં, કરતો ધરોને પ્યાર;
સેવામાં હાજર હતા, દાશી દાસ હજાર.
ઇશ્વર તેં તો બહુ સુજારી, બજાવા હવે રાખને મારી. ઇશ્વર.
મઇછું હાથરે જુરી, વળી મુઓ મારો તુરી. આ વનમાં.
દારૂણ વન આ દેખીને, હૃદય ફાટી જાય.
શું કરવું હવે માહરે થયોછુ નીર ઉપાય.
છેક બની છે હવે લાચારી, દામોદર તું લેને ઉગારી. છેક
ક્ષત્રી જાત છે અતિ શૂરી, તેને ઇશ તું નાખે ચુરી. આ વનમાં
કર્મ કરી હું આવીયો, નથી સુજ લગાર.
વ્યભીચાર કરવા થકી, પડયું દુઃખ આપાર.
મતીમંદ થઇ છે મારી, ગહન ગતી ઇશ છે તારી. ગતી
દશા થઇ છે હવે બુરી, પડી વીપત્તી પુરેપુરી. આ વનમાં

રણુજીતસીંહ **પીલુની લાવણી**

હે ઇશ્વર તુ આદી અનાદિ, જો સામું આ બાળકને,
ભય ભંજન હે અંતર જાગી, દુઃખ દધિને શાલકને;
ગાઢ વનમાં સીંહ સર્પો. તે દેખી મુજ દીલ ડરે.
રવડી રખડી થાકયો હું આજે, ચક્રકાળનું શીર ફરે,
માત તાત ને ભગની છોડી, આવ્યો છું આ જંગલમાં;
અકળ ગતી છે ઇશ્વર તારી, રાયને રંક કરે પલમાં,

નરસિંહ રૂપ અવતાર ધરીને, પ્રેહલાદને તમે સહાય કરી.
દેવ લોકનાં દુઃખો હરવા, રામાવતાર લીધો તેં હરી,
ભકત વત્સળને સહાય કરો છો. અરજી તેની ચીત ધરી;
દુઃખ સાગરમાંથી હવે મુજને, મુકત કરોને તમેજ હરી.

રણજીતસીંહ— (કંગનવા મોરા)

કાળીકા માજી સ્તુતિ કરૂં હર્ષ ધરી રે
સુણો માતા મારી રે, સંકટ આવ્યું ભારી રે,
આ સિંહને શીયાળો. ને દે છે મોટી ફાળો;
આ ગાદિ જાય કાળો, થયો એનો અરી રે—કાળી.
ગુફા ભયંકર મોટી રે, વન જાનવરો કોટી રે,
જાવાની નહીં બારી, જાણતો નાંગ મારો;
તેથી શરણું આવ્યો તારી, નમું લળી લળી રે—કાળી.
ચડોને વારે માજીરે, કરોને મારા રાજીરે;
દયા ધરીને ચીત્ત, કરો મુંને નીચિંત.
જેથી વાધે અતી પ્રીત, દુઃખ જાય ટળી રે—કાળી.

રણજીતસીંહ— (ઓધવજી)

હે જનુની તું આ વેળાએ ક્યાં ગઇ,
આ સર્પ ડસ્યો છે વીષ તણો ભરેલ જો;
ઉગરવાની આશ નથી મુજ દીલમાં,
દશા મારી પુરી થવાને લાગેલ જો—હે જનુની.
શીર મારામાં વ્યથા અતિશે થાય છે,
અંધ થયો છું દેખું નહીં હું જરાય જો;
ચાલવાની શકિત નથી મુજ ચર્ણમાં,

ખોળું હું ઘણ નીરખાય જો.—હે જનુની.
કાળ કાય કરૂણ વન આ દેખીને,
હૃદય મારૂં નીચે ફાટી જાય જો,
હે ધરણીધર આવું ઘટે નહીં તુજને;
કિશોરવય દુઃખ અતિ ન અપાય જો.—હે જનુની.

રણજીતસીંહ— ગીતી

તું તજીશું આવારે, ધાગો માગો સાહ્ય કરો મારી;
કોપ ભગાવો મુજને, અર્પ કરશો છે વીત બનેલ મારી.
હે દામોદર પ્રભુજી, આવું કરવું ઉચીત નહીં તુજને;
માતા અરજ સુણીને, તારાથી ઉગારી લિધો મુજને.

કૃષ્ણજીતસીંહ— પીલુ

સુણો યોગીરાજ, કહું છું આહીં રે,
વિપતા પડી આવી રસ્તા માંહીં રે.—સુણો.
ફરતો મારા આવીને લડવા જે,
ક્રમે કરીને હું આવ્યો આંહીં રે—સુણો.
રખડી રઝળી દેહ સુકાણી,
આશાનાં અંકુર પ્રગટીને ભલી રે.—સુણો.
સર્વે કર્મો ના મુજને ભેરી,
આપે આવીને ઉગાર્યો આંહીં રે.—સુણો.
ચરણે તમારા શીશ નમાવું,
વાત વીતેલી મેં તમોને કહી રે.—સુણો.

કળાવતી— હલોળી લાવણી.

શું પરી હવે, વીના પ્રાણપતીરે,

અરરર હાય. વિરહલાય. નવ સહાય કરે પીડાય;
દુઃખ મુને અતીરે. શુ થશે હવે.
આલી જાને તું, કહે માત પ્રતિરે,
હાય હાય. મન મુઝાય. શાંત થાય, વાત જણાય.
દુર થયે વીપતીરે. શુ થશે હવે.
છબીલો રંગીલો ગળે જો નૃપતીરે,
કરૂં ભજન. થઇ મગન. રહી ભુવન. કરે ચુંબન.
ત્યારે થાય શાન્તીરે. શુ થશે હવે
કામાગ્ની મુને. દુભાવે છે અતીરે,
મુને છે ભય, તરૂણ વય, ના થશે ક્ષય, કઠણાગય.
હાશો તુંજ પ્રતાંતીરે. શુ થશે હવે

સુખીબા- સહર

સાચ્ય પરહરો, કાઢી એના મારીરે
તમે કરપાત, ગળશે કાંત, થાઓને શાન્ત, પુરશે ખાંત.
ઈષ્ટ દેવ તમારીરે. સાચ્ય.
વીનતી ગાહરી. ઉરમાં તમે ધારીરે.
દયાળુ દેવ, નીકરો શેવ, રાખો એ ટેવ, અનગ મેર.
છે તે દુઃખ હારીરે. સાચ્ય.

કળાવંતી આશાગોડી.

ધીરજ ધરને તું બેન, પ્રીતમ આજે અવશ્ય ધરને તું બેન;
પ્રીતમ વીણ અંન ન ભાવે, મુને પડે નહી ચેન. પ્રીત.
શણગાર સજવા અંગ ગમે નહીં, શું કહું વરણુવી બેન. પ્રીત.
અંગ મારૂં આ તરૂણ વયનો, બાગ ખીલ્યો છે જેમ. પ્રીત.

સ્વપ્ન કહું છું પલંગમાં જ્યારે, આવે જરાયે ન ચેન. પ્રીય.
ફાગ પીડાથી આરે ગોઝારી, જતી નથી હાય રેન. પ્રીય.
ચંદ્ર ચકોર મેઘ મયુર, દીપ પતંગ છે જેમ. પ્રીય.
તેમ હું યાદુપતીને મળવા, સત્ય માન મુજ વેણ. પ્રીય.

દાસીઓ— ગરબી

સખી આનંદ આજે છે ભારીરે, છે મંડપ રચના સારીરે,
શોભા ઇંદ્રપુરી અનુસારી. સખી૦
દેશો દેશના રાય પધાર્યારે, નૃપભીષ્મકનાં કાજ સુધાર્યારે,
જશો જગમાં અતિશે વધાર્યાં. સખી૦
ધન ગાઇ જોવાને લોભેરે, જતાં ભાનુએ નીરખવા થોભેરે,
ખાસ ખાસ મંડપ તોર્ણે શોભે. સખી૦
ઊંડાં વાજીંત્ર નવ નવા વાજેરે, સાદ સન્મુખનાં કેવાં ગાજેરે,
શીર છત્ર રાયોને બીરાજે. સખી૦
આજે સોનાનો સૂરજ ઉગ્યોરે, મેનો પ્રેમ ધરીને પુગ્યોરે,
વર માળા આરોપે તે જોને. સખી.
કોઇએ મુખમાં ફોફળ ઘાલ્યારે, કોઇએ બીડાં પાનનાં ચાવ્યારે;
કોઇએ અતર સેવન કરાવ્યાં. સખી.
જુઓ પેલાનું રૂપ નળ જેવુંરે, વરશે તેને કળાવંતી તેવુંરે,
જુઓ પેલાનું ટાલકું કેવું. સખી.
વર્ણન કરતાં પાર ન આવેરે, ચાલો જઇએ વખત હવે જાવેરે,
આજે રાયણ શેહેર જમાડે સખી.
બેન આપણી છે ભાગ્યશાળીરે, ચાંદલાથી અતિશે રૂપાળીરે,
તેના કેશ ભુજંગી છે કાળી. સખી.

રણજીતસીંહ— **ક્ષત્રીકલંક.**

અરે કાયરો શું બોલો વચન. ક્ષત્રી બચ્ચો તો નહીં ડરેરે.
ફેગ છોડુ પદમણી રતન. ક્ષત્રી.
શું ડરાવે સિંહને શીયાળ, ક્ષત્રી.
હું છું જાણો તમારો કાળ; ક્ષત્રી.
કદી માણીધર મણી મુકી જાય. ક્ષત્રી.
કદી ગગન ધરા એક થાય, ક્ષત્રી.
કદી ગંગા નીર વિખ થાય; ક્ષત્રી.
કદી બ્રહ્માંડ બધું ફરી જાય, ક્ષત્રી.
કદી સૂર્યની દીશા બદલાય. ક્ષત્રી.
તોય ક્ષત્રી ડરે ન રણુ માંય, ક્ષત્રી.
હુ છું અભયસિંહનો તન; ક્ષત્રી.
જે છે કુંતલપુરનો રાજન, ક્ષત્રી.
રણુજીત છે મારૂ નામ. ક્ષત્રી.
ફેગ કરતાં ડરૂ સંગ્રામ, ક્ષત્રી.
નપુંસકો થાઓને તમાર; ક્ષત્રી.
હસ્ત ગ્રહો તમારા હથીયાર. ક્ષત્રી.

અભયસિંહ— **કલ્યાણ.**

ક્ષમા ક્ષમા ક્ષમા, કરો ક્ષત્રીઓ ક્ષમા,
સાહસ કર્મ કરો નહીં ક્ષત્રીઓ ક્ષમા. ક્ષમા.
શુરવીર છો સર્વે રાજન શન્ત ભાવ આધાર,
જમાઈ મારો એજ બરો છે કુંતલપુર કુમાર. ક્ષમા.
મહેર કરીને સર્વે પધારો કહુ છું વારંવાર,

મુજ પુત્રીના ભાગ્યો તો ભર્યા છે અપરંપાર,

કલાવંતી— માલી અર્ધાંગી.

કરૂં અર્જ પીયુ સુખકારી પ્યારી. (૨) સુખકારી.
ભાગ્યોદય મારા આજે થયાં છે.
તેથી પ્રીતે તમને હું વરી. કરૂં.
છબીલા પ્યારા આલિંગન મુને,
આપો પ્રીતે તમે સ્નેહ ભરી. કરૂં.
કુંતલપુરના મોટાછો રાજ,
રમો રંગ મુજ સાથ પીયુ જરી. કરૂં.
સ્વામી હું તો થઇછું લીન.
આવો અધરામૃત પીવો જરી. કરૂં.
ધન્ય ધન્ય દીવસ આજનો જાણું,
ફળીભુત થઇ મુજ આશ ખરી. કરૂં.
પ્રાણેશ મારી અર્જ સ્વીકારી,
આવો ભરથાર ભોજન કરી. કરૂં.

રણજીતસીંહ— કનરો.

તારૂણી તુજ મુખ કમળ નિહાળી, પરિતુષ્ટ આજે થયોછું અપારી. તારૂ.
રૂપ તો દેખીને અતિશે લોભાણો, જન્મ કૃતાર્થ ગણું પ્રીયે મારી. તારૂ.
મુખ અમૃતનું પાન કરીને, ઉન્મત થયોછું ફરીને નીહાળી. તા.
ચંચળ નયનમાં અંજન અજીત. કુસુમ વિચીત્રા તુજને સ્વીકારી. તા.
મૌક્તિક દામ કંઠે શુશોભે, ચાંદલો લલાટે રહ્યો ચમકારી. તારૂ.
દેવા આલિંગન ચાહુછું દીલમાં. શયનગૃહમાં ચાલો આવારી. તારૂ.

કળાવંતી— ભૈરવી ચોપાઇ.

પ્રાણપતી હૈયાનાં હાર રે, શીવપુજન કરવું છે સાર.—પ્રાણ.
વર્ષ બાર થયાં વ્રત પાળું રે, નીત્ય પુજામાં દીન ગાળું.—પ્રાણ.
આપો આજ્ઞા તમે ભરથાર રે, મારે જવું છે પ્રાણધાર.—પ્રાણ.
માણસોને સાથ લઇને રે, કરૂં શેવા ત્યાં હું જઇને.—પ્રાણ
જેથી સુખ આપે તે અપાર રે, એતો છે અતી દીન દયાળ.—પ્રાણ.
સંકટ આવે તે દુર કરશે રે, દીન સ્તુતિ દીલમાં ધરશે.—પ્રાણ.

રણજીતસીંહ— સદર.

ભલે સુખેથી પ્યારી તું જાને રે, કરી શેવા શાંન્ત તું થાને.—ભલે.
પ્યારી વીલંબ નહીં ત્યાં કરજો રે, પાછા ઘરે વ્હેલેરા વળજો—ભલે.
કૃપાનાથના દર્શન કરીને રે, પાછા સત્વર વળજો ફરીને.—ભલે.

કળાવંતી— ખોભાશ.

શંભુનાથ દેવા પ્રભુ શંભુનાથ દેવા,
નમુ તુને પ્રીતેથી હું શંભુનાથ દેવા,
મળ્યા મુને સ્વામીનાથ, પુજા કરી ભલીભાત,
ધન્ય મારા પીતુ માત, કરૂં તારી શેવા.—નમું.
આલીયલ આપ્યું સુખ, વીદાર્યું તે મારૂં દુઃખ.
આરાધ્યું પ્રેમે સુખ, જાણી મીઠા મેવા.—નમું.

કળાવંતી— અરશીયા.

હાય વોય આજ લંપટ ક્યાંથી તું આવ્યો, (૨)
લંપટ ક્યાંથી તું આવ્યો, તુજ કાળે તુજને બોલાવ્યો રે. હાય.
શું તું શ્વાનની પેઠે ભસે છે, કેમ મારા ઉપર ધસે છે,
શું મોઢે તું મેશ ઘુંસે છે રે, હાયવોય.

ધીક ધીક તુંને છે ધીક્કાર, કરે હળું જુલમ પરનાર,
કાંઇક માન તું તારા વીચારરે. હાયવોય.
કેમ આ તું દેવળ માંહે પેઠો, મારે નષ્ટ રહે તું છેટો;
મારો ક્ષત્રીનો નહીં તું બેટોરે, હાય વોય.
માન માન કહ્યું તું તો માઉ, નહીં તો શીર છેદાશેરે તારૂં;
છુરા મારીશું દીલમાં ધાર્યુંરે, હાય વોય.
ટળ ટળ હરામી વીચારી, તું છેડ ન નાગણી કાળી;
દુર હઠ દીસે બ્યભી ભારીરે, હાય વોય.

કળાવંતી.— કલ્યાણ.

લુબ્ધ શું વદે છે વચન, જા તારા આવાસમાં.
રૂપ દેખી ગાહક તું પડ્યો મોહ પાસમાં. લુબ્ધ.
છેડ મા તું નાગણી ને, આવ્યો નીચ ખાંતમાં
આભને તું બાથ ભીડે, ક્યાંથી આવે હાથમાં. લુબ્ધ.
પર પ્રીયાને દુઃખ દેવા, જન્મ્યો તારા કુળમાં
રાજ મુગ ધાણી તારૂં, થશે તુંતો ધુળમાં. લુબ્ધ.
એકલી તેં જાણી મુને, લાવ્યો છું દેવળમાં.
શતી નાર તુજ સાથ, આવે ન કદી મહેલમાં. લુબ્ધ.
અરે દુષ્ટ! કેમ થઇ, જા કહુંછું વ્હાલમાં.
સીંહણને તું છેડ નહીં, મારશે એક ફાળમાં. લુબ્ધ.

રણજીતસિંહ.— ક્ષત્રીકલંક.

જાગો જાગો તમે, સજ્ય તૈયાર. રજપૂતો સૌ રણે ચડો રે,
સજ કરો તમારા હથીઆર. રજપૂતો.
અરે ક્યાં ગઇ તમ શમશેર. રજપૂતો.

શીદ સાધોને આપવાનું વેર. રજપૂતો.
કેસરીસીંગ હકોગ ના બાપ. રજપૂતો.
આ જાણું આજ ને તો સાલ્યું જાય. રજપૂતો.
શીદ પાસે ગોવાળ શું જાય. રજપૂતો.
ત્યારે શત્રુની ફોજ સજાવ. રજપૂતો.
કરો રણમાં હાં હાંકાર. રજપૂતો.
ગાગા મારો મદનો પ્રહાર. રજપૂતો.
હરી ગયો છે એ મારી નાર. રજપૂતો.
ભૂરી ભવે થયો અંધકાર. રજપૂતો.
જંગ કરી ડોલાવો દીગપાળ. રજપૂતો.
રાજ કરો જઇ પાયમાલ. રજપૂતો.
રોમે રોમે લાગી છે લાય લાય. રજપૂતો.
તેના સહુને કરો કટકાય. રજપૂતો.

કળાવંતી— (પ્રભુ મેહેર કર.)

વીશ્વનાથ અરજ મારી ઉરે ધારજે.
લંપટશેનને પ્રભુ તું વીદારજે. વીશ્વ.
હરણ કરીને મુને લાવ્યો છે અહીં,
દીન રાત પૂરી રાખે મહેલની માંહીં. વીશ્વ.
હાય હાય મારે હવે ક્યાં જવું અરે.
પતિવ્રત મારૂં ભંગ કરશે ખરે, વીશ્વ.
વીઠલ તું વારે ચડે કહું છું તુને.
મુક્ત કરો બંધનથી હે ઇશ મુને. વીશ્વ.
સીતા દમયંતી અને દ્રુપતી નારી.

તેને તમે આકાશ કરીને ઉગારી. વીશ્વ.
એવું તું દેવ શાને નાદિલ થયો.
દુઃખના ડુંગર મુજ માથેરે પડ્યો. વીશ્વ.
પતીના વીયોગથી હું ઝુરીને ગઈ,
[illegible] રે રહું. વીશ્વ.
સાંપ્રત અસ્તનાશે ન અવિનાશીરે,
બાળકોના દુઃખે [illegible] કાશી રે. વીશ્વ.
વ્યભિચારી લંપટ દગાખોરી આચરશે,
પ્યારી મારી કહીને એનો ભોળાવશે. વીશ્વ.
ભીલડીનાં બોર પ્રભુ પ્રાસન કર્યાં,
દુઃખણીના દુઃખો તમે ત્વરાથી હર્યાં. વીશ્વ,
આપણ ઉગારશો વિપત વિનાશીરે,
કરજોડ જોડીને કહે છે દાસી રે. વીશ્વ.

સુબોધા— ખમાચ.

બાઇ વિલાપનો અંત, લાવી રહો નિચીંત,
સહાય થશે ભગવંત, દીલે ધીર ધરો;
જે છે ગાઢા દયાવંત, દુઃખ દૂરે કરે. બાઇ.
જુઓ આગે સતી નાર, થઈ દુઃખી અપાર
થયાં સહાય કીરતાર, દીલે ધીર ધરો.
કરી તેમ વીચાર, દુઃખ દૂરે કરે. બાઇ.
લંકેશ સીતા નાર, ગયો હરીને ગુમાર.
કર્યો તેનો સંહાર, દીલે ધીર ધરો.
નહીં કાઢે એમાં સાર, દુઃખ રે કરે. બાઇ.

કરો ઈશ નું ધ્યાન, ધરો એક ધ્યાન.
એની કરુણા ગાઈ માન, દીલે ધીર ધરો.
તપ અર્જ શુણી કાન, દુઃખ દુરે કરે. બાઈ.

સુબોધા— કલ્યાણ

આશી દશા પ્રભુ કીધી તે બાઈની, વાત બની છે દુઃખદાઈરે. આશી.
રક્ષા રે કરજો નાથ સતીની, પતીવ્રતા અબળા કુસાઈરે. આશી.
શુધ્ધ સતીનું સત્ય એ જાશે, વાત જેમ આલશે કવાઈરે. આશી.
આદરા કરો દુઃખદધિને. ગતી સારી સારી દીધો આંહીરે. આશી.
અન્તોદકને ત્યાગ કર્યું છે, કાયા ગઈ તેની સુકાઈરે. આશી.
ગોકુળ પતી હે દીન દયાળુ, છોડાવોને આજે મારી બાઈરે. આશી.

રૂપસેન બનજારા

તુ તાબે થા મુજ પ્યારી, શાને દુઃખ ધરે હે નારી,
કરૂં મારી તુને પટરાણી, માન્ય કહયું તું શાણી;
નહીં તો થશે તારી ખુવારી. શાને.
કર્યું ઇશ્વરે આપણું જોડું, કેમ તેને હવે હું તોડું,
કરો સ્નેહ બાહે મુજ પ્યારી. શાને.
કદી પ્રાણ જાય આહીં મારો, તોય તુને નહીં છોડનારો,
ભલે જંગ મચે આ વારી. શાને.
કદી મારો સંહાર એ કરશે, તો મોક્ષ જન્મ મળશે,
તેની ચીંતા નથી લગારી. શાને.

કળાવતી— કુમરી.

હે જગત પાલક ત્રીપુરારીરે, કહું આપને બાળ તમારી. કહે
શીવ દેવળથી હણું કરીને, લાવ્યો છે માણુસો સંહારીરે, કહે

શીયળ મારૂં ભંગજ કરવા, ચાહે છે દિલ મોઝારીરે. કહે
કદી હૃદયથી વ્રત ન છોડું, ભલે કરે એ ખુવારીરે. કહે
દાસી સુગોચના મુજ સાથે છે, શુરે ક્હે એ ગીચારીરે. કહે
સતી દ્રૌપતીને ચીર પુર્યાં. નાત્રણે નમાવ્યું મોરારારે. કહે
જવાની મારી એક નથ સુજે નીર ઉપાય હું નારીરે. કહે
આપ દયાળું દયા ધરીને, શીઘ્ર કરાવોને મારીરે. કહે
અષ્ટ દીનમાં સહાય કરજે, વખત મારા વીચારીરે. કહે
દુષ્ટ જનોનો અંત આવ્યો, પીડે છે સતીઓને ભારીરે. કહે
રૂપસેન મુખથી બોલે, આવો આવો મુજ પ્યારીરે. કહે
ક્રુર વચનો સુણતાં કાને, છતી બળી હાય મારીરે. કહે
રોઈ રોઈ મુજ ચીર ભીંજાયા, સ્થિતિ બની છે નઠારીરે. કહે
બાળકીની રક્ષા કરોને, અરજી આપ સ્વિકારીરે. કહે
મુજપતિનાં હૈયે વસીને, મેળાપ કરાવો આ વારીરે. કહે
આઠો નિશ નામ હું તારૂં, જપું છું આધાર તુજધારીરે. કહે
ગતી તારીનો પાર ન પામુ, જણાય ન્યારી ન્યારીરે. કહે
મુજપતીને નહીં મળે તો, ખાઈ મરૂં હું કટારીરે. કહે

રણજીત — વનજારા

ધન્ય ધન્ય તુને પ્રીયા મારી, તે વ્રત પાળ્યું છે ભારી.
તુને દુઃખ દીધું, હશે છેક, પણ છોડી નહીં તે ટેક;
ધન્ય ધન્ય જનુની તારી, તેવ્રત.
તુજ વાત સરવે જણાણી, તુ જગમાં સતી ગણાણી;
વળી આબુ જતાં હે પ્યારી, તે વ્રત.
જેવી રાણુકદેવી નાર. તેમજ પૃથુની નાર;
તે થઈ મહા વ્રત ધારી, તેવ્રત.

ધન્ય ભાગ્ય હવેછે મારા, મુને મળી સુશીયલ દારા;
થઈ સફળ જીંદગી મારી, તેં વ્રત.
તેં કુળની લજ્જા રાખી, તેં ટેક એક અહીં દાખી;
જેવી સીતા જનક કુમારી, તેં વ્રત.
શું કહું પ્રીયા હું તુજને, તેં ચાહ્યો સદાયે મુજને;
કરો રાજ જવા તૈયારી, તેં વ્રત.
દીર્ઘાયુ રાખે ભગવાન, મુજ અરજ સુણીને ધ્યાન,
કરે આગર નરને નારી, તેં વ્રત.

કળાવતી— ભૈરવી ગજલ.

પડી છે વિપતની અતિ, તે સુણજો પ્રાણ સહી.
નાથજી વ્રત છોડીશું. હું ટેક એકથી નહી. પડીછે.
શાંત દેવળ માંહેથી, હરણ કરી લાવ્યો અહીં.
ફસાણી છું હું અતી, મેં લજ્જા રાખી જહી. પડીછે.
મુખથી તે બોલતાં, વિચાર તો જરા નહીં.
કહે તું લગ્ન મુજ સાથ, કરોને વાત ધ્યાન લઈ.
તે શબ્દોને તનમાં, પ્રગટ લાયરે થઈ.
ફેંકયા મેં કર વિષે, કટારી ગ્રહી ગ્રહી. પડીછે.
લંપટ તે ખડી ગયો, નાસીને આ શેહેરમાં
જ્યાંથી તે આવ્યો નથી, હું એકલી અહીં રહી. પડીછે.
દાસીના તમે મારે, ખબર તો લીધી ખરી.
નહીં તો પ્રાણ જાહેરા. તજત વિષ હું ખાઈ. પડીછે.
પીયુ આવોને દેશમાં, માત તાત છે જહીં.
મળીએ પુર્ણ ભાવથી, વિતેલી વાતને કહીં. પડીછે.

કલ્યાણ.

શકુંતલા શોક

ઘણુંનો શુભકાર્યે રાય પધારે, કુંતલપુર સુખકારીરે. સજનીનો.
ઘું ઘું નગારા વાજી રહ્યા છે. અજ્ઞાનું ભાજે રૂપાળીરે. સજનીનો.
ઇંદ્રપુરીની શોભા જોવા, આવ્યા છે નરને નારીરે. સજનીનો.
ઘેર ઘેર ઓચ્છવ થાશે આજે, પરણ્યા છે રાજકુમારીરે. સજનીનો.
ધન્ય ધન્ય દીન આજનો જાણ્યો, કુંવાર પધાર્યા દુઃખહારીરે. સજનીનો.
રૈયતને [illegible] આનંદ ભારે, કહે કવીશ્વર [illegible] ધારીરે. સજનીનો.

શ્યામ કલ્યાણ.

શકળ બાધુઓ, સુણજો વાણી
આપની નાના [illegible] બાળકો આંહીં
સાધન કર્યું રાજાજીએ તો [illegible] વન મોઝાર
તે શરીરે ભાર ધરીને. ખાડા નાંખ્યા ભાર. શકળ.
ગુણવંતીએ ટેક ન મુકી તન ન ફાડ્યું સાર,
રૂદ ઠીકમાં શોભા પામ્યું. કરી ભાંડાચાર. શકળ.
કરશું કરીને ગુણવંતીને. લાખો લંપટરાજ
સૌને હાથમાં મુકી શકે. પાછી નંદની કાય. શકળ
જુઓ રાવણ સીતા લાવી. રાખ્યો અહંકાર.
રામચંદ્ર મહારાજે તેને, માર્યો નાખી ભાર. શકળ
કુશીલ પણાથી લંપટનો, આખર આવ્યો કાળ
માટે આવું ન કરવું. કહે છે વીરપાળ. શકળ
શ્રોતા સૌ મનમાં ધારે શુભ સુકર્મે હોય.
માફી તેની માગું આજે, દોષ ન દેશો કોઈ. શકળ
જયતી
જયતી

સમાપ્ત.

ર ગાઉથી આશ્રય દાતા ગ્રાહક થયેલ મુબારકના નામ.

નેકનામદાર 'રાજ કુમારશ્રી અજીતસિં-
હજી સાહેબ 'દુર

૨૦ કુમારશ્રી ભજુ.. 'જી
કુમારશ્રી કરણસિ. જી

૧૦ રા. રા. ગણપતરાવ પ્રાઇવેટ સેક્રેટરી

૮ ઉપાધ્યાય ગવરીશંકર ત્રીભોવન

૧ રા. રા. પ્રેમચંદ મુળચંદ શાહ કલાઈ

૨ રા. રા. લાલજી મનોર ગાંધી કલાઈ

૨ ઠકર કાળીદાસ હસા

૧ ચુનીલાલ અમૃતલાલ

૧ ખેતસી વસુ

૧ છોટાલાલ પુરસોતમ

૧ રા. કાનજી કલ્યાણજી ઠાકર

૧ ગાંધી નાગર વિ પોપટ

૧ શાહ ખુશાલ વિ માણેકચંદ વકીલ

૧ શાહ વૃજલાલ વિ માણેકચંદ

૧ પ્રીયભાઈ વૃજલાલ વિ હંસરાજ

૧ પ્રીયભાઈ હુજાગશી વિ હંસરાજ

૧ ગાંભીર વખતચંદ વિ કુશાળચંદ વિદ્યા-
ખાતાના અધિકારી

૧ શેખ ઉસમાન આપલ

૧ શા કુંવરજી વિ ખેમચંદ રેફ્રાસર અશ્રો-
જ્નાપુર

૧ મેતા રતનસી માનસંઘ કુવા

૨ રા. રા. બેચરલાલ બાપાલાલ ઉમરડા કો-
ઠાર ઉમરડા

૨ દવે મોહનલાલ ગોપાલજી સોયાણી

૨ કોઠારી મોહન પુલચંદ

૧ રા. રા. નાગજી અમેર પટેલ

૧ ભલીસીગ વજેસીંગજી રાજકોટ

૧ શાહ મોહન કુંવરજી

૧ ઠકર કાળીદાસ વિ મોરારજી

૧ ગંધચંદ વિ પરાગજી શેઠ

૧ પારેખ મોહનલાલ કુંવરજી

૧ શેખ ઉસમાન નથુ

૧ શેખ આગી નથુ

૧૧ શાહ મગનલાલ વિ ખુશાલ મારફત

૧ શાહ મગન ડલ)

૧ શાહ દલીચંદ ...ખચંદ

. શાહ ક...લ વિ મોહન

૧ શાહ હેમચંદ રાયચંદ
૧ શાહ દેવસી [illegible]કરસી
૧ મકવાણા દાજી પુનજી
૧ શાહ મોહન વિ નિજપાળ
૧ સંઘવી વખતચંદ વિ દેવસીભાઈ
૧ ઠકર મગન ડુંગર
૧ વોરા લધુ વિ કચરા

સીંયા

૮ પ્રીયભાઈ ત્રીકમ માધવજી મારફત
૧ પ્રીયભાઈ ત્રીકમ માધવજી
૧ પ્રીયભાઇ જેસંગ હરચંદ
૧ શેઠ મગનલાલ ત્રીકમભાઇ
૧ પ્રીયભાઈ મગન મોતીચંદ
૧ ઠકર મગનલાલ તારભાઇ
૧ પારેખ મોતી ભગવાનજી
૧ શેઠ સુંદર વાઘાલજી
૧ પ્રીયભાઇ ફુલચંદ પરશુદાસ. તા, ગા,

[illegible]મપુર

૧ શાહ હીરાચંદ વિ જીવરાજ

[illegible] બંદર

૫ શેઠ [illegible]લાલ [illegible]ચંદ
૧ શુકલ ચુનીલાલ [illegible]

ચુડા.

૧ ગાંધી મગન વિ લલુદાસ

થાંડાનેર

૧ [illegible]શ્રી[illegible]તરસુ[illegible]માનવિ રતનસીશાહ

સાણંદ.

૧૦ મેતા [illegible]જી ઉમેદચંદ મારફત
૨ મેતા [illegible]જી ઉમેદચંદ
૧ શેઠ મોહનલાલ મગાભાઇ
૨ મેતા દેવચંદ ઠાકરસી
૧ ગાંધી રતન વિ ઉમાભાઈ
૧ શાહ ગાંડુચંદ તેજપાળ
૧ મેહેતા શાંતીલાલ જેસગભાઇ
૧ ગાંધી આનંદ પરશોતમ
૧ મોહનલાલ નાગરદાસ

અમદાવાદ

૧ મી અબ્દુલ લતીફ અબ્દુ [illegible]મની

જાહેર ખબર.

સર્વે ભાઈ જનોને આ ખબરથી ખબર આપું છું કે અમારા પ્રસિદ્ધ કરેલા પુસ્તકો જેઓ સાહેબને જોઈતા હોય તેઓ એ નીચે લખેલા ઠેકાણે પૈસા મોકલી મંગાવી લેવા

ધ્રાંગધરા—અમારી પાસેથી

વઢવાણ કાંપ—દોસી ડુંગરશી ભુરા તથા દોશી જેસંગ ભુરા

અમદાવાદ—માસ્તર નાનાલાલ મગનલાલ તથા ભુલાભાઈ હરીશંકર

લીંબડી— મગનલાલ ઝવેરચંદ શાહ

રણજીતસિંહ કળાવંતી નાટકનાં ગાયનો.	૦—૨—૦
પતીવૃતા સ્ત્રી ગુણસુંદરી નાટકનાં ગાયનો	૦—૨—૦
ગજરામારૂ ને ફુલાદે નાટકનાં ગાયનો	૦—૩—૦
જ્ઞાન દીપીકા જીન સ્તુતી સંગ્રહ	૦—૧—૬

ઉપર લખેલા પુસ્તકો અમારી પાસેથી પ્રસીદ્ધ થએલાં છે તે જેઓ સાહેબોને જોઈતા હોય તેઓએ ઉપર લખેલા ઠેકાણે પૈસા મોકલી મંગાવી લેવા પણ અમારી પાસેથી મંગાવશો તો ફાયદો પડશે એમ નકી સમજવું જોઈએતો મંગાવવું. બીજા પણ નાટક વાર્તાઓ ફારસો વગેરે ઘણી જાતના પુસ્તકો પણ મળશે નાટપેકુપત્ર લેવામાં આવશે નહી.

ધરાંગધરા કાઠીઆવાડ } લી. સેવક
સંઘવી. વાડીલાલ જી. સોમચંદ
બુક પબ્લીસર ઓફીસ.